કુખ્યાત આતંકવાદી અફઝલને ફાંસી

નવી દિલ્હી,તા. ૯

૨૬/૧૧ના મુંબઈના ભીષણ આતંકવાદી હુમલામાં મુખ્ય અપરાધી અજમલ અમીર કસાબને ફાંસી આપી દીધાના ત્રણ મહિના બાદ ભારતીય સંસદ ઉપર હુમલાના કુખ્યાત અપરાધી અફઝલ ગુરુને ભાગરૂપે ફાંસી આપી દેવામાં આવી હતી. જેશે મોહમંદના આ આતંકવાદીને ભારતીય સંસદ ઉપર વર્ષ ૨૦૦૧ના ભીષણ આતંકવાદી કેસના કાવતરા બદલ અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. અફઝલ ગુરુને દિલ્હીની તિહાર જેલમાં સવારે કે અફઝલને ૫.૨૫ વાગે જ ફાંસી આપી દેવામાં આવી હતી. તિહાર જેલના જેલ નંબર ત્રણમાં ફાંસી પર લટકાવી દીધા બાદ તબીબોએ સવારે ૮.૧૦ વાગ્યે સત્તાવાર રીતે અફઝલના મોતની જાહેરાત કરી હતી. ફાંસી આપવામાં આવ્યા બાદ મુજબ તેની દફનવિધિ કરી દેવામાં આવી હતી. અફઝલને ફાંસી

આવી હતી. ગૃહસચિવે જાહેરાત કરી હતી કે અફઝલ ગુરુને તિહાર જેલની અંદર જ દફનાવી દેવાની તૈયારી કરી લેવામાં આવી હતી અને નવ વાગે તેની દફનવિધિ કરાઈ હતી. બીજી બાજુ અફઝલ ગુરુને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ સાવચેતીના પગલાં પણ લેવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પત્રકારો સાથે વાતચીત કરતા સિંહે કહ્યું હતું કે પરિસ્થિતિ કોઈપણ જગ્યાએ સંવેદનશીલ નથી પરંતુ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. અગાઉ રાષ્ટ્રપતિ ભવનના પ્રવક્તા વેણુ રાજામોનીએ કહ્યું હતું કે જેશે મોહમંદના આતંકવાદી અફઝલ ગુરુની દયાની અરજીને ફગાવી દેવામાં આવી હતી. થોડાક દિવસ અગાઉ જ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ દયાની અરજીને ફગાવી દીધી હતી. આની સાથે તેની ફાંસી માટેનો માર્ગ મોકળો થઈ ગયો હતો.

સિંહના જણાવ્યા મુજબ રાષ્ટ્રપતિએ ત્રીજી ફેબ્રુઆરીના દિવસે અફઝલ ગુરુની દયાની અરજીને ફગાવી દીધી હતી. ત્યારબાદ કાયદા મુજબ જ સમગ્ર પ્રક્રિયા આગળ વધી હતી. વિધિવત જાહેરા કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૦૧માં ભારતીય સંસદ ઉપર વિનાશકારી હુમલો થયો હતો જેમાં ૨૦૦૪માં સુપ્રીમ કોર્ટ દ્વારા તેના મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૦૬માં અફઝલને મૂળભૂત રીતે ફાંસી આપવામાં આવનાર હતી પરંતુ તેની પત્ની દ્વારા દયાની અરજી દાખલ કરવામાં આવ્યા બાદ આના ઉપર સ્ટે મૂકવામાં આવ્યો હતો. ૧૩મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે પાંચ શસસ્ત્ર આતંકવાદીઓએ ભારતીય સંસદ પર હુમલો કર્યો હતો જેમાં નવ લોકોના મોત થયા હતા. એક પત્રકારને પણ ઈજા થઈ હતી. જોકે આ હુમલા બાદ તમામ આતંકવાદીઓને મોતને ઘાત ઉતારી દેવામાં આવ્યા હતા. હુમલા બાદ અફઝલ ગુરુને કલાકોના ગાળામાં જ રાષ્ટ્રીય પાટનગરમાં એક બસમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬/૧૧ના ભીષણ આતંકવાદી હુમલાની ચોથી વરસીને પાંચ દિવ પહેલાં એક માત્ર જીવતા ઝડપાઈ ગયેલા અને ત્યારબાદ ફાંસીની સજા પામેલા કસાબને પણ ફાંસી આપી દેવામાં આવી હતી. કસાબને યરવાડા સેન્ટ્રલ જેલમાં ફાંસી આપી દેવામાં એઆવી હતી ત્યારબાદ દફનવિધી કરી દેવામાં આવી હતી. અફઝલની ૧૫મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે પકડી લેવામાં આવ્યો હતો. આ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન યુદ્ધની નજીક પહોંચી ગયા હતા.

અફઝલને ફાંસી : કોણે શું કહ્યુ

સંસદ પર હુમલાના અપરાધી અફઝલને આજે ફાંસી આપી દેવામાં આવી હતી. ફાંસી બાદ રાજકીય પક્ષોએ પણ ટ્વિટર પર પોતાની પ્રતિક્રિયાઓ આપવાની શરૂઆત કરી દીધી હતી. મોટાભાગના રાજકીય પક્ષોએ ફાંસીનું સ્વાગત કર્યુ હતુ. કોણે શું કહ્યુ તે નીચે મુજબ છે.

- જોગિન્દરસિંહ (પૂર્વ સીબીઆઈ ડિરેક્ટર) : મોડેથી ઉઠાવવામાં આવેલુ પગલુ છે જેથી અસર ઓછી થશે.
- સીતારામ યેચુરી (માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા) : સંસદ પર હુમલાના અપરાધીને ફાંસી આપવામાં આવ્યા બાદ કહ્યુ હતુ કે દેશના કાયદા મુજબ હવે કાર્યવાહી થઈ રહી છે.
- અલ્તામસ કબીર (સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયધીશ) : ફાંસીમાં વિલંબ ન્યાયીક પ્રક્રિયાનો પ્રશ્ન નથી. દરેક ચીજો યોગ્ય સમય પર થાય છે.
- બાબા રામદેવ (યોગગુરુ) : અફઝલ ગુરુની સાથે ગુરુ શબ્દ જોડવામાં ન આવે કારણ કે આ ભારતની ગુરુ પરંપરાના અપમાન જનક સમાન છે. સરકાર વોટબેંકની રાજનીતિ રમી રહી છે. તમામને બોધપાઠની યોજના હતી. હિન્દુ સમાજને ખુશ કરવા આતંકવાદીને ફાંસી અપાઈ છે. હિન્દુ અને મુસ્લિમોમાં વિભાજનના પ્રયાસ થઈ રહ્યા છે.
- અસાદુદ્દીન ઓવેસી(મજલીસે ઈકત્તેહાદુલ મુસ્લિમના અધ્યક્ષ) : કહ્યુ છે કે ફાંસીથી પહેલા અફઝલની પત્નીને જાણ કરવાની જરૂર હતી.
- દિગ્વિજયસિંહ (કોંગ્રેસના મહા સચિવ) : સરકારે યોગ્ય સમયે યોગ્ય પગલુ લીધુ છે. વિરોધપક્ષે આ મુદ્દે રાજનીતિ રમવી જોઈએ નહીં.
- રવિશંકર પ્રસાદ (ભાજપ નેતા) : અફઝલને ફાંસી ન્યાયીક પ્રક્રિયાનો એક હિસ્સો છે જે પહેલાથી જ હાથ ધરવાની જરૂર હતી. સંસદ પર હુમલો દેશ પર હુમલો હતો. આજે સંદેશો આપવામાં આવ્યો છે કે આતંકવાદને સ્વીકારવામાં આવશે નહીં.
- પ્રવિણ તોગડિયા (વીહિપ નેતા) : સરકારે મોડેથી પગલુ લીધુ છે. પરંતુ પ્રણવ મુખર્જી પ્રશંસાને પાત્ર છે.
- નીતિશકુમાર (બિહારના મુખ્યમંત્રી) : અફઝલની ફાંસી સ્વાગતરૂપ છે પંરતુ મોડેથી પગલુ લેવાયુ છે.
- જયા બચ્ચન (અભિનેત્રી) : તેઓ આ સમયે કોઈ પણ રાજકીય નિવેદન કરશે નહીં.
- મનીષ તિવારી (કોંગ્રેસ નેતા) : અફઝલને ફાંસી દેશના હિતમાં લેવામાં આવેલુ એક પગલુ છે.
- સંજય રાવત (શિવસેના) : પ્રણવ મુખર્જી અને સુશીલકુમાર શિંદે અભિનંદનના હકદાર છે. અફઝલને ફાંસી આપી પાકિસ્તાનને યોગ્ય સંદેશ અપાયો છે.
- અરવિંદ કેજરીવાલ(આમઆદમી પાર્ટી) : અફઝલને ફાંસી મામલે કોઈ રાજનીતિ રમવી જોઈએ નહીં.
- નરેન્દ્ર મોદી (ગુજરાતના મુખ્યમંત્ર) : ફાંસી મોડેથી કરાઈ છે પરંતુ યોગ્ય પગલુ છે.
- કિરણ બેદી (પૂર્વ પોલીસ અધિકારી) : અફઝલને ફાંસી આપી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે.

સ્પીડ પોસ્ટથી અફઝલના પરિવારને જાણ કરી દેવાઈ

નવી દિલ્હી,તા. ૯

સંસદ પર ભીષણ આતંકવાદી હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ પરિવારના સભ્યોને સ્પીડ પોસ્ટ મારફતે તિહાર જેલના સત્તાવારાઓ દ્વારા જાણ કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીર સરકારને પણ ફાંસી આપતા પહેલા વિશ્વાસમાં લેવામાં આવી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા આજે સવારે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહસચિવ આર કે સિંહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે તિહાર જેલના સત્તાવારાઓએ સ્પીડ પોસ્ટ મારફતે પરિવારને જાણ કરી હતી. ડિરેક્ટર જનરલ ઓફ જમ્મુ કાશ્મીર પોલીસને પણ આ અંગે જાણ કરવામાં આવી હતી. પરિવારના સભ્યોને માહિતી મળી ગઈ છે કે કેમ તે અંગે ખાતરી કરવા જમ્મુ કાશ્મીર સરકારને સૂચના આપવામાં આવી હતી. સિંહે કહ્યું હતું કે આજે વહેલી સવારે ફાંસી આપતા પહેલા જમ્મુ કાશ્મીર સરકારને સૂચના અપાઈ હતી. ગુરુને ફાંસીના અનુસંધાનમાં જમ્મુ કાશ્મીર સરકારે શાંતિ જાળવી રાખવા તમામ પગલાં લીધા હતા. ગૃહસચિવે કહ્યું હતું કે કોઈપણ પ્રકારની દહેશત કોઈ જગ્યાએ દેખાઈ રહી નથી. રાજ્ય સરકાર પગલાં લઈ રહી છે. વધુ વિગત આપવાનો સિંહે ઈન્કાર કર્યો હતો.

અફઝલને ફાંસી બાદ દેશમાં સઘન સુરક્ષા

નવી દિલ્હી,તા. ૯

સંસદ પર ભીષણ આતંકવાદી હુમલામાં મુખ્ય અપરાધી અફઝલ ગુરુની આજે સવારે તિહાર જેલમાં ફાંસી આપી દેવામાં આવ્યા બાદ દેશના જુદા જુદા ભાગોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અનેક જગ્યાએ સંચાર બંધી પણ લાગુ કરવામાં આવી હતી. કાશ્મીર ખીણમાં જુદા જુદા ભાગો અને અન્ય વિસ્તારોમાં સંચાર બંધી અમલી બનાવવામાં આવી હતી જ્યારે બીજી બાજુ દિલ્હીમાં તિહાર જેલની આસપાસ અને દિલ્હીના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. ૧૧ વર્ષ અગાઉ ભારતીય સંસદ પર હુમલામાં મુખ્ય ભૂમિકા અદા કરનાર અપરાધી અફઝલ ગુરુને સવારે આઠ વાગે દિલ્હીમાં તિહાર જેલમાં ફાંસી અપાઈ હતી. અફઝલ ગુરુ શ્રીનગરથી આશરે ૫૨ કિલોમીટરના અંતરે સ્થિત સોપોરે શહેરના પરા વિસ્તારમાં તારજુ ગામનો હતો. અલબત્ત અફઝલને ફાંસી આપવામાં આવ્યા બાદ સંચાર બંધીના નિયંત્રણો અંગે પોલીસે સમર્થન આપ્યું નથી પરંતુ સંચાર બંધી કડક રીતે અમલી બનાવાઈ હતી.

સાવચેતીના તમામ પગલાં લેવાયા હતા. બારામુલ્લા, અનંતનાગ, પુલવામા, કુપવારા, ઉત્તર કાશ્મીર સહિતના વિવિધ ભાગોમાં વધારાના પોલીસ જવાનો અને અર્ધલશ્કરીદળના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ તમામ સ્થાનિક કેબલ ઓપરેટરોને તાત્કાલિક અમલ સાથે ઓપરેશન બંધ કરી દેવા સૂચના આપી દેવામાં આવી હતી. મુખ્યમંત્રી અમર અબ્દુલા શિયાળુ પાટનગર જમ્મુથી શ્રીનગર પરત ફર્યા છે. ઓમર અબ્દુલા, તેમની પાર્ટી નેશનલ કોફર્ન્સે અફઝલ ગુરુની ફાંસીનો વિરોધ કર્યો હતો. દિલ્હી ઉપરાંત મુંબઈમાં પણ હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી.

આજે મૌની અમાસે કુંભમાં ૩ કરોડથી વધુ શ્રદ્ધાળુ સ્નાન કરશે

અલ્હાબાદ, તા.૯

અલ્હાબાદમાં ચાલી રહેલા મહાકુંભ મેળાના ભાગરૂપે આવતીકાલે મૌની અમાસના પ્રસંગે ત્રણ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરશે. આના માટેની તમામ તૈયારીઓ તંત્ર દ્વારા પૂરી કરી લેવામાં આવી છે. સૌથી મોટા પ્રસંગ તરીકે આને ગણવામાં આવે છે. આવતીકાલે આશરે ત્રણ કરોડ જેટલા લોકો પહોંચનાર છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ મહાકુંભ સ્નાનના ભાગરૂપે ૧૨મી ફેબ્રુઆરીના દિવસે પહોંચનાર છે. આવતીકાલે મોટા અખાડાઓ શાહી સ્નાનની તૈયારીમાં વ્યસ્ત બની ગયા છે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ મહાનિર્વાણી અખાડા સાથે સંકળાયેલા નાગા સાધુઓ, ત્યારબાદ અટલ, નિરંજની અને જુના અખાડા સાથે સંકળાયેલા સાધુ સંતો પવિત્ર સ્નાન માટે આગળ વધશે. આશરે ૫.૩૦ વાગ્યાની આસપાસ પવિત્ર સ્નાનનો સીલસીલો શરૂ થશે. તાજેતરમાં વરસાદના કારણે ગંગા નદીમાં પાણીની સપાટી વધી ગઈ છે. સામાન્ય કરતા વધારે પાણી આવ્યુ છે. અલ્હાબાદમાં ૨૦ કિલોમીટર૨ના વિસ્તારમાં ફેલાયેલામેળા વિસ્તારને ૧૪ કામચલાઉ સેક્ટરોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાતિની ઉત્તર પ્રદેશના અલાહાબાદમાં મહાકુંભ શરૂ થયો છે. આવતીકાલે મૌની અમાસ છે. આ પ્રસંગે પવિત્ર સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા છે. અંદાજે ૩ કરોડની વધુ યાત્રાળુઓ સ્નાન કરશે. વહીવટીતંત્ર દ્વારા આ વિશેષ પવિત્ર સ્નાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મેળાના અધિકારીઓના જણાવ્યા મુજબ આજે અંદાજે ૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં

ડુબકી લગાવી હતી. આવતીકાલે મૌની અમાસના પ્રસંગ પર યોજાનારા શાહી સ્નાનમાં ૩ કરોડની વધુ શ્રદ્ધાળુઓ સંગમમાં ડૂબકી લગાવશે. દેશના વિવિધ વિસ્તારો અને રાજ્યોમાંથી શાહી સ્નાનમાં ડુબકી લગાવવા લોકો અમદાવાદ પહોંચી ગયા છે. આવતીકાલના ખાસ દિવસમાં સ્નાન કરવા માટે તમામ સાધુ, સંત અને ધર્માચાર્ય સંગમ સ્થળ પર પહોંચી ગયા છે. તમામ પીઠોના શંકરાચાર્ય પણ શાહી સ્નાન પર સંગમ સ્થળે ડુબકી લગાવશે. રાજ્ય સરકારે સુરક્ષાના મુદ્દે વીઆઈપી લોકોને અહીંયા ન આવવા અપીલ કરી છે. મેળા ક્ષેત્રમાં વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. સૂત્રોના જણાવ્યા મુજબ સ્નાનમાં અંદાજે પાંચથી વધુ સાધુ-સંતો સાથે ધર્માચાર્ય અને વિવિધ સમુદાયના ધર્મગુરૂઓ પવિત્ર ડુબકી લગાવશે. બીજીબાજુ રાજ્ય સરકારે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દીધી છે. અફઝલ ગુરૂને અપાયેલી ફાંસીના પહલે સમગ્ર કુંભમેળો લોખંડી કિલ્લામાં ફેરવાઈ ગયો છે. બીજીબાજુ ત્યાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા આયોજીત ધર્મસંસદ પણ હાલ ચાલી રહી છે. જેથી સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવાના તમામ જરૂરી પગલાં લેવાઈ રહ્યા છે.

અફઝલને ફાંસી અપાયા બાદ કાશ્મીરમાં ભડકેલી હિંસા

શ્રીનગર,તા.૯

અફઝલ ગુરુને ફાંસી આપી દીધા બાદ શનિવારે કાશ્મીરમાં હિંસા વ્યાપી ગઈ હતી. આ હિંસામાં ઓછામાં ઓછા ૮ લોકોને ઈજા પહોંચી છે. તેમાંથી બે વ્યક્તિની હાલ અત્યંત ગંભીર છે. અફઝલની ફાંસીના સમાચાર સાંભળ્યા બાદ ઉત્તરી કાશ્મીરમાં સોપોર કબ્બા નિકટ આવેલા તેના પૈતૃક ગામ દોઆબગાહમાં કેટલાક દેખાવકારોએ જુલુસ કાઢયું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે દેખાવકારોએ કરફ્યુનો ભંગ કરીને સુરક્ષાદળો પર પથ્થરમારો કર્યો હતો. સુરક્ષાદળોએ દેખાવકારોની ભીડને વેરવિખેર કરવા માટે ટીયરગેસ છોડયો હતો. અને તેમની ઉપર લાઠીચાર્જ પણ કર્યો હતો. ચેતવણી આપવા માટે હવામાં ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. શાંતિ જળવાઈ રહે તે માટે જમ્મુકાશ્મીરના રાજમાર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા.

બીજી બાજુ અલગાવવાદી સંગઠન હુર્રિયત કોન્ફરન્સેચાર દિવસનો શોક જાહેર કર્યો છે. તેણે આ ફાંસીને રાજકીય હત્યા ગણાવતા જણાવ્યું હતું કે આ બાબતને ભારતની કાનૂન પ્રણાલી સાથે કોઈ લેવાદેવા નથી. હુર્રિયતે જણાવ્યું હતું કે અફઝલ ગુરુને ફાંસી ન્યાયીક પ્રક્રિયા હેઠળ નહી પરંતુ આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે. આજે સવારે અફઝલ ગુરુને ફાંસી આપ્યા બાદ જમ્મુ કાશ્મીર વહીવટી તંત્રએ કેબલ ટીવી, મોબાઈલ અને ઈન્ટરનેટની સેવા સંપૂર્ણપણે બંધ કરી દીધી હતી. સાથે સાથે શ્રીનગર સહિત કાશ્મીરના વિભિન્ન વિસ્તારોમાં અનિશ્ચિત મુદ્દતનો કરફ્યુ લાદી દેવામાં આવ્યો હતો.

હિન્દુત્વ માટે જેલ જવા પણ તૈયાર છું : પ્રવિણ તોગડિયા

મુંબઈ,તા. ૮

વિશ્વહિન્દુ પરિષદના નેતા પ્રવિણ તોગડિયાએ આજે કહ્યુ હતુ કે હિન્દુત્વ માટે તેઓ જેલમાં જવા માટે પણ તૈયાર છે. ફોન ઉપર સમાચાર સંસ્થા સાથેની વાતચીતમાં તોગડિયાએ કુંભ મેળામાં કહ્યુ હતુ કે તેઓ જેલમાં જવા માટે પણ તૈયાર છે. દેશના હિત માટે વાત કરવી કોઈ ગુનો નથી. મહારાષ્ટ્ર વિશ્વહિન્દુ પરિષદના નેતા વેંકટેશ અબદેવે કહ્યુ હતુ કે જો તોગડિયાની ધરપકડ કરવામાં આવશે તો ખૂબ જ ગંભીર પ્રતિક્રિયાઓ આવશે. તોગડિયાએ અકબરુદ્દીન ઓવાસી અંગે વાત કરીને કોઈ પણ ખોટુ કામ કર્યુ નથી. તેઓએ તોગડિયાની ધરપકડ કરવા સરકારને પડકાર ફેંક્યો હતો. અત્રે નોંધનીય છે કે ગયા મહિને તોગડિયા દ્વારા કરવામાં આવેલા ભાષણના સંબંધમાં નાંદેદના પોલીસ સ્ટેશન ખાતે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ગઈકાલે મહારાષ્ટ્રના ગૃહપ્રધાન આરઆર પાટીલે કહ્યુ હતુ કે રાજ્ય સરકાર તોગડિયા સામે પગલા લેવા અંગે કાયદાકીય અભિપ્રાય મેળવી રહી છે અમે કાયદાકીય અભિપ્રાય મેળવી રહ્યા છીએ.

ચિદમ્બરમ્ કોંગ્રેસી નેતાઓ સાથે બજેટ પૂર્વે ચર્ચા કરશે

નવી દિલ્હી,તા. ૯

નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે બજેટને લઈને કોંગ્રેસના નેતાઓ સાથે વાતચીત કરશે. લોકપ્રિય સ્કીમો લાવવાના સંબંધમાં કોંગ્રેસના નેતાઓ ચૂંટણીના વર્ષમાં રજૂઆત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે ચિદમ્બરમ્ પક્ષના હોદ્દેદારો સાથે બજેટ પૂર્વેની વાતચીત કરવાના હેતુસર એઆઈસીસીના હેડક્વાર્ટર ખાતે પહોંચશે અને ત્યારબાદ વાતચીત કરશે. લોકસભાની ચૂંટણી આડે ૧૫ મહિનાનો સમય રહ્યો છે ત્યારે કોંગ્રેસના નેતાઓ કેટલીક લોકપ્રિય સ્કીમો રજૂ કરીને લોકોને ખુશ કરવા માટેની રજૂઆત કરશે. ખાસ કરીને આર્થિક સુધારાઓની સાથે સાથે લોકપ્રિય સ્કીમ રજૂ કરવા કોંગ્રેસના નેતાઓ નિર્ણય કરી ચૂક્યા છે. પક્ષના નેતાઓએ એવો સંકેત આપ્યો છે કે બજેટ કવાયતના ભાગરૂપે કેટલાક દુર્ગામી પરિણામો આપે તેવા પગલાં બજેટમાં જાહેર કરવામાં આવી શકે છે. કેટલાક આર્થિક સુધારા, ફૂડ સિક્યુરિટી લો, ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર સહિતના ઘણા મામલે ચર્ચા ચાલી રહી છે. આ વર્ષે ઘણા લોકપ્રિય કાર્યક્રમો અમલી બનાવવાની પણ યોજના ચાલી રહી છે. બજેટમાં આ વખતે યુવાનોની સમસ્યા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવી શક્યતા છે. દેશની મોટાભાગની વસ્તી ૪૫ વર્ષથી ઓછા વયની છે ત્યારે આના ઉપર મુખ્ય ધ્યાન આપવામાં આવી શકે છે. સંસદનું મુખ્ય સત્ર ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે જ્યારે સામાન્ય બજેટ નાણાંમંત્રી ચિદમ્બરમ્ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરશે. ઉદ્યોગજગત, બેકીંગ સેક્ટર, આઈટી સેક્ટર અને રિયલ એસ્ટેટ દ્વારા પોતપોતાની રીતે રજૂઆત કરવામાં આવી ચૂકી છે. બજેટ પહેલાની વાતચીતનો સિલસિલો યથાવત્ રીતે જારી રહ્યો છે. આ વખતે આર્થિક સુધારા ઉપર મુખ્ય ધ્યાન અપાશે.

ચાલુ વર્ષે કોંગી ચૂંટણી કરાવી શકે છે : વૈંકેયા

ચેન્નઈ, તા.૯

કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર ચાલુ વર્ષે જ લોકસભાની ચૂંટણી કરાવે તેવી શક્યતા ભાજપે આજે વ્યક્ત કરી હતી. ભાજપના પૂર્વ પ્રમુખ વેંકેયા નાયડુએ આજે કહ્યું હતું કે, ચાલુ વર્ષ સંસદના ચોમાસુ સત્ર પછી લોકસભાની ચૂંટણી યોજવાનું કોંગ્રેસનું નેતૃત્વ વિચારી શકે છે. પત્રકારો સાથે વાતચીત કરતાં નાયડુએ કહ્યું હતું કે, અમારી પાસે એવી જાણકારી છે કે, કોંગ્રેસ નેતૃત્વ નિર્ધારીત સમય પહેલાં લોકસભા ચૂંટણી કરવા વિચારણા કરી રહી છે. એવું સંભવ છે કે, ચોમાસુ સત્ર પછી વર્ષના અંતે ચૂંટણી યોજી શકે છે. આ અંગે અમારી પાસે વિશ્વસનીય માહિતી છે. આ સંદર્ભે નાયડુએ સબસિડી આધારિત રસોઈગેસની સંખ્યા છથી વધારીને ૯ કરવી, આધાર કાર્ડ વિત્તરણ અને રોકડ સબસિડી યોજના જેવા યુપીએ સરકારના નિર્ણયનો આ અંગે હવાલો આપ્યો હતો. ભાજપના નેતાએ કહ્યું હતું કે, યુપીએ સરકાર દરેક મોરચે નિષ્ફળ ગઈ છે. જેથી ચૂંટણી ચાલુ વર્ષે થાય કે, પછી આગામી વર્ષે થાય કોંગ્રેસનો પરાજય નિશ્ચિત છે. વેંકેયાનાયડુએ કહ્યું હતું કે, ભાજપ જ એકમાત્ર વિકલ્પ છે.

તમિળનાડુ માટે આખરે કાવેરી પાણી જારી કરાયુ

હુગલી,તા. ૮

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કર્ણાટક દ્વારા તમિળનાડુને કાવેરી પાણી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી જગદીશ શેત્તાર દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. બેંગ્લોરથી આશરે ૪૦૦ કિલોમીટરના અંતરે સ્થિત ઉત્તર કર્ણાટક શહેરમાં વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે અમે સુપ્રીમ કોર્ટના આદેશનું સન્માન કરીએ છીએ. અમે સોમવારના દિવસે રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીશુ કારણ કે અમે પોતે જ પહેલાથી પાણીની તકલીફનો સામનો કરી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટે રાજ્યના ઉભા પાકને બચાવી લેવા તમિળનાડુને ૨.૪૪ ઈએમસી ફુટ પાણી આપવા કર્ણાટકને સૂચના આપી હતી. બેંગ્લોરથી ૧૩૦ કિલોમીટરના અંતરે સ્થિત મહેસુર નજીક એઆરએસ સરોવરમાંથી પાણી જારી કરવામાં આવ્યુ છે. પોલીસે પ્રતિબંધાત્મક આદેશો લોકોના દેખાવના કારણે જારી કર્યા છે.

સમાચાર ઝલક

- અફઝલ ગુરૂને ફાંસી આપતાં દેશભરમાં સાર્વત્રિક આવકાર, કાશ્મીરમાં ત્રણ દિવસ બંધ, સંદેશા વ્યવહારને અસર, કર્ફ્યુ લાદવામાં આવ્યો.
- પોરબંદરમાં પોલીસ કર્મચારીઓએ ટ્રક લૂંટ કરી હોવાની ફરિયાદ.
- વડોદરામાં જમીન કૌભાંડના મામલે મહિલા મામલતદારને કોર્ટ રીમાન્ડ અપાયા.
- નવસારી મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર લાંચના સંકજામાં ઝડપાઇ
- ૨૧મી ફેબ્રુઆરીએ તમામ શાળાઓમાં માતૃદિન ઉજવાશે.
- દેશનાં કાનૂનને સલામ બક્ષતા : અમિતાભ બચ્ચન.
- નીરા વાડિયાની ટેપ તપાસવા સુપ્રીમનો આદેશ.
- ભાવનગરમાં ચાર કાળિયાર પશુનાં મોત.
- દર્પણ એકેડમીની મહિલા કલાકારે સોસાયટીના રહીશો સામે મારામારી કરી.
- તાપી જિલ્લામાં વિરપ્પન લાકડા ચોર ઝડપાતાં, સાગના લાકડા ભરેલી ટ્રક સળગાવી દીધી.